ગાંધીનગર સમાચાર

**પ્રધાનમંત્રીના આગમનને પગલે પાટનગરમાં પોલીસની પહેરેબંધી..!**

# દરેક વ્યકિતના વિચાર અને વાણીમાં પરમાત્માના આશિર્વાદ હોય છે

## ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત અર્ક વ્યાખ્યાનમાળામાં બીકે શિવાની દીદીનું પ્રભાવી વકતવ્ય

ગાંધીનગર, તા.૫

હું દિવ્યઆત્મા છુ, મારો વિચાર, કર્મ, અને વાણી પ્રેમ અને સન્માનથી ભરપુર છે... હું દરેકને જેવા છે તેવા સ્વીકારુ છું... મારું શરીર તંદુરસ્ત છે, હું પરમાત્માનો ફરિશ્તો છું...મને મળે એને પ્રેમ અને સુખ મળશે... દરેક વ્યકિતના વિચાર અને વાણીમાં પરમાત્માના આશિર્વાદ હોય છે. આપણે વિચારીએ તેવું જ થાય છે. તેમ જણાવી આજે બ્રહ્માકુમારીના ડો. બી.કે. શીવાની દીદીએ આજે કળયુગમાં રહેતા માનવીને સતયુગી જીવન પ્રાપ્ત કરવાની કલા શીખવી હતી.

કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત અર્ક વ્યાખ્યાનમાળામાં બ્રહ્માકુમારીના બી.કે. શીવાની દીદીએ "એકસ-રે ઓફ લાઈફ" વિષય અંગે રસપ્રદ વકતવ્ય આપતા જણાવ્યું હતું કે શાંતિ, ખુશી, સન્માન, પ્રેમ, સેહદ છે. તે હદથી દુર કરતા પરિબળોને લીધે મન ઉદાસ અને નારાજ થાય છે. જીવનમાં બધાને ખુશી, શાંતિ, માન-સન્માન અને પ્રેમ જોઈએ છે. પરંતુ આ બધુ કયાંથી મળશે. આ બધુ મેળવવા આપણે બીજા સામે ઉભા રહીએ છીએ. પરંતુ સામે પક્ષે પણ આજ અપેક્ષાઓ હોય છે. બધા જ લેવાની લાઈનમાં ઉભા છે, ત્યારે લેવાના બદલે આપણે આપવાવાળા બની જઈએ તો ઘણું

● અનુસંધાન પાન-૭ પર






જીવનનો એક્સ-રે : જીવનને સ્વર્ગ કેવી રીતે બનાવવું... સરળ કેવી રીતે બનાવવું... હું દિવ્ય આત્મા છું... હું પરમાત્માનો ફરિસ્તો છું... એવી સરળ વાતો અદભૂત શૈલીમાં રજૂ કરી ગાંધીનગરના નાગરિકોને બીકે શિવાનીએ મંત્રમુગ્ધ કર્યા હતા... વૈશ્વિક કક્ષાએ સન્માનિત લોકપ્રિય વક્તા બીકે શિવાનીએ રવિવારે સવારે ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત અર્ક વ્યાખ્યાનમાળામાં જીવનના એક્સ-રે વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું...

# પ્રધાનમંત્રીના આગમનને પગલે પાટનગરમાં પોલીસની પહેરેબંધી..!

**વિરોધના વમળોમાં ફસાયેલી સરકાર સામે ગમે ત્યારે મોરચા તૈયાર થઈ જાય તેવી વકીને પગલે પી.એમ.ની સુરક્ષા માટે ૨૫૦૦થી વધુ પોલીસ તૈનાત કરાશે**

ગાંધીનગર, તા. ૫

દેશના પ્રધાનમંત્રી ૭-૮ માર્ચે ગુજરાત પ્રવાસે છે અને પાટનગરમાં રાજભવન ખાતે તેમનુ રાત્રી રોકાણ ઉપરાંત મહાત્મા મંદિર ખાતે સંમેલન કાર્યક્રમ પણ છે. એક તરફ વિધાનસભા સત્ર ચાલુ છે અને બીજી તરફ ચારેય તરફથી વિરોધના વમળોમાં ફસાયેલી સરકાર સામે ગમે ત્યારે મોરચા ઉભા થઈ જાય છે. હજુ વિધાનસભામાં ગૃહમંત્રી પર જુતુ ફેંકાયાની ઘટનાની તપાસ પણ પુર્ણ થઈ નથી ત્યારે પ્રધાનમંત્રીના આગમનને સુરક્ષા વ્યવસ્થાના દ્દષ્ટિકોણથી અતિ ગંભીરતાથી લઈ પાટનગરમાં પુનઃ પોલીસની પહેરેબંધી કરી દેવામાં આવનાર છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું રાજભવનમાં રાત્રી રોકાણ છે અને મહાત્મા મંદિર ખાતે સંમેલન છે. એસપીજીની ટીમોએ ગાંધીનગરમાં ધામા નાંખી દીધા છે અને પોલીસને સાથે રાખીને એરપોર્ટથી ગાંધીનગર રૂટ તથા મહાત્મા મંદિર, રાજભવન સહિતના સ્થળોનું સિક્યુરીટી પોઈન્ટ ઓફ વીવથી બારીકાઈથી નિરિક્ષણ કરી દેવામાં આવ્યુ છે. મહાત્મા મંદિર, રાજભવન, એરપોર્ટ અને રોડ બંદોબસ્ત ઉપરાંત મોરચા ઉભા થાય તો તેને રોકવા ૨૫૦૦થી વધુ પોલીસનો કાફલો ગોઠવવામાં આવનાર છે. બે ડીઆઈજી, ૮ એસપી, એક એએસપી, ૩૫ ડીવાયએસપી, ૭૦ પીઆઈ, ૧૩૦ પીએસઆઈ, ૪૦ મહિલા પીએસઆઈ, ૧૩૦૦ પોલીસ, ૪૦૦ મહિલા પોલીસ, ૬ કંપની એસઆરપી, ૧૮૦ ટ્રાફીક પોલીસ અને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડ, ક્વીક રીસ્પોન્સ ટીમ પાટનગરમાં સુરક્ષા અને સલામતી ઉપરાંત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા ખડે પગે રહેશે.

# પંચાયતોની ચૂંટણીનો બીજો તબક્કો માર્ચના બીજા પખવાડિયાના પ્રારંભે જાહેર થશે

ગાંધીનગર, તા. ૫

જિલ્લાની ૮૮ સહિત રાજ્યની ૧૭૦૦ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી અંગેની જાહેરાત ૧૫મી માર્ચની આસપાસ રાજ્ય ચૂંટણીપંચ કરી શકે છે.

એપ્રિલ માસમાં આ પંચાયતોની મુદત પૂર્ણ થતી હોવાથી માર્ચના બીજા પખવાડિયામાં ચૂંટણી પંચ દ્વારા આ ચૂંટણીની વિધિવત્ ઘોષણા કરવામાં આવશે.

પંચ દ્વારા આ ચૂંટણીને લઈ ૧૨મી માર્ચ પછી કલેક્ટરો સાથે સમીક્ષા બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. રાજ્ય ચૂંટણીપંચે નગરપાલિકાઓની પેટા-ચૂંટણી અંગે ગઈકાલે ઘોષણા કરી દીધી છે.

વિધાનસભાનું સત્ર ચાલી રહ્યુ હોવાથી તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ બે દિવસના રાજ્યના પ્રવાસે આવતા હોવાથી ચૂંટણી પંચ પણ હાલ સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીઓ યોજવાની ઉતાવળમાં નથી. આ વર્ષે પંચાયતોની આ બીજી ચૂંટણી સરકાર માટે વધુ લીટમસ ટેસ્ટ સમાન સાબિત થશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લા તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ભાજપને ભારે ફટકો પડયો હતો અને હવે બદલાયેલ વાતાવરણમાં કેવુ પરિણામ આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. ૧૦થી વધુ જિલ્લાઓને આ ચૂંટણી સ્પર્શી રહી છે. જો કે પંચાયતોની ચૂંટણી પહેલાં નગરપાલિકાની પેટા-ચૂંટણીના પરિણામો ભાજપની તરફેણમાં આવશે એટલે પંચાયતોના પરિણામો પણ સારા આવશે તેમ મનાઈ રહ્યુ છે.

# શહેરમાં ટ્રાન્સપોર્ટ સેવા શરૂ કરવા મનપાએ સરકાર પાસે ૩૦ બસો માંગી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકાર પાસે પોતાની ટ્રાન્સપોર્ટ સેવા શરૂ કરવા માટે ૩૦ બસોની માંગ કરી છે અને તેને પગલે ટ્રાન્સપોર્ટ સેવા અંગેના રિટેન્ડરીંગની કામગીરી પણ ધીમી ધતિએ ચલાવી રહી હોવાનું જાણવા મળેલ છે.

છેલ્લા બે વર્ષથી મનપાનું તંત્ર સરકાર સમક્ષ પોતાની ટ્રાન્સપોર્ટ સેવા શરૂ કરવા માટે બસોની માંગણી કરી રહેલ છે. અગાઉ ૧૦ બસોની માંગ કરવામાં આવી હતી જ્યારે છેલ્લે જાન્યુઆરીમાં ૩૦ બસોની માંગણી સાથેની દરખાસ્ત સરકારમાં રજુ કરી છે. મળતી વિગતો પ્રમાણે આ વર્ષે સરકાર તરફથી સાનુકૂળ પ્રતિસાદ મળશે તેવી આશામાં હાલની ટ્રાન્સપોર્ટ સેવા આપતી એજન્સીની મુદતમાં વધારો વારંવાર કરવામાં આવી રહ્યો છે. આ વર્ષે ટેન્ડર કરાયુ પણ એકજ ટેન્ડર આવતા તે રદ કરી દેવાયુ હતુ. ટેન્ડર માટે ખાસ અભ્યાસનો પણ આધાર મનપાના તંત્રએ લીધો હતો.

# ચિત્રકાર-સંગીતકાર કાર્તિક ત્રિવેદી ગાંધીનગરના મહેમાન

**અમેરિકાના વ્હાઈટ હાઉસમા તેમના છ મિત્રો લગાડાયેલા છે : પિયાનોવાદક તરીકે વૈશ્વિક સ્તરે ખ્યાતિ પ્રાપ્ત કરી ચુક્યાં છે : ૭૫ વર્ષની ઉંમરે છાતીમાં પેસમેકર હોવા છતાં ગુજરાતી ફિલ્મનું નિર્માણ કરી રહ્યાં છે**

ગાંધીનગર, તા. ૫

શું આપને ખબર છે કે એક ગુજરાતી ચિત્રકારે દોરેલા છ૭-છ૭ ચિત્રો અમેરિકાના પ્રેસિડેન્ટના કાર્યાલય વ્હાઈટહાઉસની શોભા છે ? તેમનું એક ચિત્ર ઈંગ્લેન્ડના પ્રિન્સ જ્યાં રહે છે તે બેંકિંગહોમ પેલેસમાં લાગેલુ છે ? માત્ર ચિત્રકળા જ નહી પરંતુ તેઓ સંગીતની દુનિયામાં પણ તેઓ એટલા જ વિશ્વ વિખ્યાત છે અને વિશ્વના ઉત્તમ પિયાનો વાદકોમાં તેમની ગણના થાય છે. વધુ રસપ્રદ બાબત તો એ છે કે આવુ અદ્‌ભૂત વ્યક્તિત્વ હાલ ગાંધીનગરનું મહેમાન છે અને તેઓ એક ગુજરાતી ફિલ્મનું નિર્માણ કરી રહ્યાં છે. તેમનું નામ છે કાર્તિક ત્રિવેદી જેઓ ૭૫ વર્ષની ઉંમરે છાતીમાં 'પેસમેકર' હોવા છતાં પોતાની ગુજરાતી ફિલ્મ માટે કાર્યરત છે.



અમદાવાદની સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં વિકસિત કિડની હોસ્પિટલના પ્રણેતા વિશ્વવિખ્યાત ડૉ. એચ.એલ. ત્રિવેદીના લઘુબંધુ એવા કાર્તિક ત્રિવેદી આમ તો વર્ષોથી અમેરિકા સ્થાયી થયાં છે પરંતુ ગુજરાત અને ગુજરાતી ભાષા પ્રત્યેનો તેમનો લગાવ એટલો સજજડ છે કે તેઓ એક ગુજરાતી ફિલ્મનું નિર્માણ કરી રહ્યાં છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્ર પ્રમુખો રોનાલ્ડ રેગન, જ્યોર્ઝ બુશ, બિલ ક્લીન્ટન ઉપરાંત બરાક ઓબામા સહિતના રાષ્ટ્રપ્રમુખોએ જેમના ચિત્રો વ્હાઈટહાઉસમાં સજાવ્યા છે તે ઉપરાંત પ્રિન્સ ચાર્લ્સે બંકિમહામ પેલેસમાં જેમનું ચિત્ર લગાડ્યું છે તેવા કાર્તિક ત્રિવેદી મૂળ રાજકોટ પાસેના વાંકાનેર તાલુકાના લુણસર ગામે જન્મ્યા હતા. વર્ષ ૧૯૬૭માં તેઓ

● અનુસંધાન પાન-૭ પર

# આજે અમલીકરણ અધિકારીઓ આયોજન મંડળના કામોનો હિસાબ ડીડીઓને આપશે

ગાંધીનગર, તા. ૫

જિલ્લા આયોજન મંડળ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષના મંજૂર થયેલા વિકાસના કામોની સમીક્ષા માટે આજે એક મહત્વની બેઠક જિલ્લા વિકાસ અધિકારીએ અમલીકરણ અધિકારીઓની બોલાવી છે.

આ બેઠકમાં મંજૂર થયેલા કામો જે હજુ સુધી શરૂ થઈ શક્યા નથી તો તેની પાછળના જવાબદાર કારણો સહિતની વિગતો સાથે આવવા માટે અધિકારીઓને કડક તાકીદ કરવામાં આવી છે.આ ઉપરાંત જે કામો પ્રગતિ હેઠળ છે તે ક્યારે પૂર્ણ થશે તેનો પણ વિગતવાર અહેવાલ માંગવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. કેટલી કામગીરી થઈ છે કેટલુ કામ બાકી છે તેમજ મંજૂરી પછી કામગીરી કરવામાં કેમ વિલંબ થયો તેની વિગતો પણ અહેવાલમાં રજુ કરવા માટે જણાવાયુ છે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં જિલ્લા આયોજન મંડળની મળેલ બેઠકમાં અમલીકરણ એજન્સીઓ અને અધિકારીઓ દ્વારા યુટીસીના પ્રમાણપત્રો પણ સમયસર નહિ અપાતા હોવાની ચોંકાવનારી વાતનો ઉલ્લેખ થયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ગોપાલ ઈટાલીયા પોલીસનું જ બાઈક લઈને વિધાનસભા આવ્યો હતો

**ગોપાલના રિમાન્ડ પુરા થતા જ્યુડીશ્યલ કસ્ટડીમાં ધકેલાયો : ક્ષણીક આવેગમાં કૃત્ય કર્યુ હોવાનું ખુલતા 'ગુનાહીત કાવતરા'ની કલમ પર પ્રશ્નાર્થ**

ગાંધીનગર, તા. ૫

ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપર વિધાનસભામાં જુતુ ફેંકનાર ગોપાલ ઈટાલીયાની ગાંધીનગર એલસીબીએ બારીકાઈથી પુછપરછ કરી છે. જેમાં ક્ષણીક આવેગમાં કૃત્યુ કર્યુ હોવાનું ખુલ્યુ છે તેવુ પોલીસનું કહેવુ છે. ગોપાલ સામે લાગેલી ગુનાની કલમોમાં ૧૨૦-બીનો પણ સમાવેશ થયેલો છે. એટલે કે 'ગુનો આચરવા માટે પુર્વ આયોજીત કાવતરૂ ઘડવુ' જો તપાસમાં ક્ષણીક આવેગથી કૃત્ય થયુ હોવાનું ખુલ્યુ

● અનુસંધાન પાન-૭ પર

જાહેરાત

**ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન**

રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, સેક્ટર-૧૫, ખ-૫, ગાંધીનગર

**GPSC વર્ગ ૧-૨ની પરીક્ષા માટેના તાલીમવર્ગમાં પ્રવેશ માટેની જાહેરાત**

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન (આઈ.આઈ.ટી.ઈ.), ગાંધીનગર એ ગુજરાત રાજ્ય-સરકાર દ્વારા સ્થાપિત સ્ટેટ યુનિવર્સિટીનો દરજ્જો ધરાવતી દેશની એકમાત્ર શિક્ષકો માટેની યુનિવર્સિટી છે. યુનિવર્સિટીની સામાજિક જવાબદારીના ભાગરૂપે GPSC વર્ગ ૧ અને ૨ની આગામી પરીક્ષામાં બેસવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની તૈયારી માટે આઈ.આઈ.ટી.ઈ. દ્વારા તાલીમવર્ગનું આયોજન કરાયેલ છે. આ તાલીમવર્ગનો લાભ લેવા ઈચ્છતી ગાંધીનગર તેમજ આસપાસની મહિલા ઉમેદવારો પાસેથી તા. ૧૬/૦૩/૨૦૧૭ સુધીમાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. ઓનલાઈન અરજી કરવા તેમજ વધુ વિગતો માટે આઈ.આઈ.ટી.ઈ.ની વેબસાઈટ http://iite.ac.in ની મુલાકાત લેવાની રહેશે.

ગુજરાતના ખ્યાતનામ અને વિષયના વિદ્વાન અધ્યાપકો દ્વારા તાલીમ આપવામાં આવશે. આ તાલીમવર્ગ આઈ.આઈ.ટી.ઈ.ના વિદ્યાર્થીઓ તેમજ ગાંધીનગર અને આસપાસની મહિલા ઉમેદવારો માટે માર્યાદિત છે. જો નિયત સંખ્યા કરતા વધુ અરજીઓ આવશે તો આ તાલીમવર્ગમાં પ્રવેશ પરીક્ષા દ્વારા પ્રવેશ આપવામાં આવશે. આ તાલીમ માટે પસંદ થયેલ ઉમેદવારને વિના મૂલ્યે તાલીમ અપવામાં આવશે. સદર તાલીમ વર્ગો સાંજે ૫.૦૦ થી ૯.૦૦ દરમ્યાન, ગાંધીનગર ખાતે, નક્કી થયેલા દિવસો દરમ્યાન ચલાવવામાં આવશે.

તા. ૬/૦૩/૨૦૧૭ ઈ. રજીસ્ટ્રાર

ગાંધીનગર

**લુહાર સુથાર બેસણું**



અમારા પિતાશ્રી **દલસુખભાઈ ત્રિકમભાઈ પરમાર** નું તા.૪-૦૩-૨૦૧૭ના રોજ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૭-૦૩-૨૦૧૭ને મંગળવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : "ૐ" પ્લોટ નં.૩૬૧/૧, શ્રેયસ સોસાયટી, ઘ-૫, પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર,

ગં.સ્વ.કલ્પનાબેન દલસુખભાઈ પરમાર (પત્નિ)
મહેશકુમાર દલસુખભાઈ પરમાર (પૂત્ર) - મો.૮૪૦૧૦ ૯૩૦૧૫
પારૂલબેન દલસુખભાઈ પરમાર-અર્જુન એવોર્ડ -(પૂત્રી) મો.૯૪૨૭૩ ૦૮૩૨૪
ગીતાબેન જયેશકુમાર પીઠવા (પૂત્રી) મો.૮૪૦૧૬ ૨૧૪૦૨

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

અર્ચી રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...

અર્ચી 93 761 80003
93 288 9 3535
89 80 10 1515

**જગ્યા ભાડે આપવાની છે**

ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ

ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૫૯૪૮૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com